# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## જોરાવર પેલેસ, પાલનપુર-બનાસકાંઠા

E-mail :-dbcwo-ban@gujarat.gov.in ફોન નંબર-૦૨૭૪૨-૨૫૪૩૧૯


નં.નાનિ/અ.જા.ક./પો.મે.શિ../૨૦૨૧-૨૨/ ૧૨૧૨૫થી૧૫૪૨ તા.૧૯/03/૨૦૨૨

<u>(ટોચ અગ્રતા/સમય મર્યાદા)</u>

પ્રતિ,

આચાર્યશ્રી,

.....................................................

.....................................................

જી.બનાસકાંઠા.

વિષય :- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિની સહાય સમયસર ચુકવવા બાબત.

સંદર્ભ :- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૧-૨૨/૨૦૧૦-૨૧૦૮ તા.૨૫/૦૨/૨૨

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, પાલનપુર જિ.બનાસકાંઠા મારફત જિલ્લામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ DIGITAL GUJARAT PORTAL પર સંસ્થા/શાળા/કોલેજ ના આચાર્યશ્રી પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવી મંજુર કરવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર હાલ ચાલુ છે. સદરહું યોજનાઓની પડતર કામગીરીની સમીક્ષા કરતા ઘણી શાળાઓ/કોલેજો/સંસ્થાઓમાં પોસ્ટ મેટ્રીક શિષ્યંવૃતિ સહાય યોજનાની કામગીરી બાકી હોય તેવું જણાયેલ છે તો આપના કાર્યક્ષેત્ર હેઠળની શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની મોકલવાની બાકી અરજીઓ અત્રેની કચેરીને ઓનલાઇન તેમજ હાર્ડકોપીમાં મોકલવાની બાકી હોય તો ઉપરોકત કામગીરી તા.૧૫/03/૨૦૨૨ સુધીમાં પુર્ણ કરવા જણાવવામાં આવે છે.

Scanned with CamScanner

વધુમાં જણાવવાનું કે ચાલુ નાણાકીય વર્ષથી શિષ્યવૃતિની મંજુર કરવામાં આવેલ સહાયની રકમ પૈકીની ૪૦% રકમનું રાજય સરકાર દ્વારા ચુકવણું થયા બાદ બાકીની ૬૦% રકમનું કેન્દ્ર સરકાર દ્વારા સીધું વિદ્યાર્થીના બેંક ખાતામાં ઇ-પેમેન્ટ કરવામાં આવનાર હોય સમગ્ર ચુકવણાની કામગીરી આ મહિના સુધીમાં પુર્ણ કરવાની હોય ઉપરોક્ત કામગીરીને ટોચ અગ્રતા આપવા જણાવવામાં આવે છે.

(એચ.આર.પરમાર)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
પાલનપુર જિ.બનાસકાંઠા

ક્રમાંક: માવિ-૩-૪/પરીપત્ર/૨૦૨૨/10503
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.11/03/૨૦૨૨

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner